# મમ્મી

લોકો ભલે કહે,
કુકડો બોલ્યે સવાર થાય,
હું જાણું છું કે,
મમ્મીની બુમે જ સુરજ ઉગે..

પથારીમાંથી ઉઠતાં વાર લાગે તો
કહે:" ઝટ ઉઠ, આળસુના પીર!"
ઝટ ઝટ બ્રશ કરી નાખું તો
કહે:"સાવ ઉતાવળો! શાંતીથી બ્રશ કર.."

મમ્મી કહે એટલે નાહી લેવાનું,
મારે તો શું! પપ્પાએ પણ..
ભુખ લાગી હોય કે નહીં,
જમી લેવાનું..કારણ એ કે
"હમણાં રામો આવશે, વાસણ ઘસવા..."

રાતે ઉંઘ આવતી હોય ત્યારે
વાંચવા બેસાડે
કહે:" ઉંઘણશી! પાછો નાપાસ થઈશ.."
રાતે મોડે સુધી વાંચતો હોઉં
--પરીક્ષા પાસે હોય ત્યારે સ્તો--
તો કહે:" ઉંઘી જા માંદો પડીશ.."

મમ્મી એટલે બસ મમ્મી જ!
મને તો સમજાતી જ નથી!
પણ ક્યાંથી સમજાય?
પપ્પાય ઘણીવાર કહે છે;
"તને સમજવી અઘરી છે!"

..૨..

હોશીયાર પણ કેવી? પાકી મુત્સદ્દી જ!
પપ્પાના નામે ડરાવે:
"તારા ગંદા ટાંટીયા ધોઈ નાખ,
પપ્પા જોશે તો વઢશે."

પણ પપ્પા તો એનાથીય ડરતા હોય છે..
મમ્મી કહે તે અને તેટલું જ
દારુખાનું અપાવે;
મમ્મી કહે તો જ મીઠાઈ લાવે..

તોય મમ્મી મને બહુ ગમે.
સવારની નીશાળ હોય ત્યારે
મારું દફ્તર બી તૈયાર કરી દે;
બુટ-મોજા પહેરાવી દે ફટાફટ..

કોઈક વાર તો લેસન પણ કરી દે
આગલી રાતે પીક્ચર જોઈ
મોડા બાર વાગ્યે આવ્યા હોય,
ત્યારે તો ખાસમ્ખાસ..

અને મારા જન્મદીવસે!
મઝા જ મઝા;
મારા પર તો શું; મારા દોસ્તો પર પણ
કેવાં વહાલ વરસાવે!
કેવા લાડ લડાવે!
અને કેવું ગાય---
ના,ના: 'હેપી બર્થ ડે ટુ યુ' એવું નહીં..

PDF created with pdfFactory trial version www.pdffactory.com

..૩..
એ તો ગુંજેઃ
તમ્મે મારા દેવના દીધેલ છો,
તમ્મે મારા માગી લીધેલ છો,
આવ્યા ત્યારે અમર થઈને રો'..

અને માંદો પડું તો?
બાપ રે! એનો તો જીવ જ અધ્ધર થઈ જાય!
પટાવીને દવા પીવડાવે,
બાધા- આખડી રાખે.

આવી મમ્મી કોને ના ગમે!
મમ્મી એટલે બસ, મમ્મી જ...!!

--બળવંત પટેલ,
પ્લોટ-**667**; સેક્ટર-**21**;
**ગાંધીનગર-382 021**-ભારત
**eMail:balvantpatel@sify.com**

(**"વીજયા-કલાપી"** ફોન્ટમાં અને **"ઉંઝા જોડણી"**માં પુનર્લેખન કરનારઃ
**uttamgajjar@hotmail.com**
**Sep. 25, 2005**
મધુકાંતા ગજ્જર,
૫૩-ગુરુનગર, વરાછા રોડ,
સુરત-**395 006**
ફોનઃ**0261-255 3591**
તરફથી
સપ્રેમ ભેટ

# મારા દાદા

દાદા મારા ભુલકણા,
જયારે જયારે જાય પ્રવાસ,
ભુલી આવે બીસ્તર-બેગ.

ચશ્માં મુકે પહેરણ-ખીસ્સે,
ખોળે ઘરને ખુણેખુણે,
આઘા થાય પાછા થાય,
ચશ્માં ચશ્માં બોલતા જાય.

શોધ્યા કરે ચારે પાસ,
ખીસ્સું બતાવું થાયે ખુશ.
રોજ પુછે બે ત્રણવાર,
આજે થયો કયો વાર?

રવીવાર ના રહેતો યાદ,
પુછે કેમ ના ગયો નીશાળ?
દાદા આવા ભુલકણા,
બીજી પણ ના કોઈ મણા!

--બળવંત પટેલ,
પ્લોટ-**667**; સેક્ટર-**21**;
**ગાંધીનગર-382 021**-ભારત
**eMail:balvantpatel@sify.com**

PDF created with pdfFactory trial version www.pdffactory.com